# સુરત મહાનગર પાલિકા

## સુરત શહેર, મોજે: વેસુ- ભરથાણા- અલથાણ વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં.: ૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ) તૈયાર કરવા બાબત.

# અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૯ના હુકમ ક્રમાંક: પુડીએ-૧૧૨૦૦૯-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)નાં કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૦૯/૨૦૦૯, તા.૧૩/૦૨/૨૦૦૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૬૫માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ વેસુ-ભરથાણા-અલથાણ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

**સુરત** | **કમિશનર**
**તા.૨૧-૦૨-૨૦૦૯.** | **સુરત મહાનગરપાલિકા**

**ઠરાવ :-**

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૩/૦૨/૨૦૦૯ નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-

XXXXXXXXX

મ્યુ. કમિશનરશ્રીનાં તા.૦૩-૦૨-૦૯ ના પત્ર નં. ટીપીએસ/૦૮/૭૧ થી વિદિત થશે, કાર્યાલય પત્ર નં.૭૦૩૧૨ સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના સુરત નં. ૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગેનું સામેલ અધિસૂચન મંજૂર કરવાનું, સદર અધિસૂચનને જાહેર જનતાની જાણ માટે બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજૂરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.:૦૬/૨૦૦૯, સર્વાનુમતે મંજુર**

**નં.પીઆરઓ/૬૧૨/૨૦૦૮-૦૯**
**તા.૨૪/૦૨/૨૦૦૯**

# સુરત મહાનગરપાલિકા

**સુરત શહેર મોજે: વેસુ- ભરથાણા - અલથાણ વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં.: ૬૫ (વેસુ- ભરથાણા- અલથાણ) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ ના હુકમ ક્રમાંક ડુડિએ-૧૧૨૦૦૬ - ૨૭૯૫ -વથી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ - ૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, પ્લાન, ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ -૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. : ૦૬/૨૦૦૯, તા. ૧૩-૦૨-૨૦૦૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/ ૬૫માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ વેસુ - ભરથાણા - અલથાણ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૬૫ (વેસુ- ભરથાણા- અલથાણ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા. ૨૧-૦૨-૨૦૦૯

**કમિશ્નર**
સુરત મહાનગરપાલિકા

<u>ઠરાવ:-</u>

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૩-૦૨-૨૦૦૯ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

XXXXXXXXX

મ્યુ. કમિશનરશ્રીના તા. ૦૩-૦૨-૨૦૦૯ ના પત્ર નં. સીમીસ/૦૮/૪૫ થી વિદિત થઇ, ફાઇલના પાના નં. ૭૦૩ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના સુરત નં. ૬૫ (વેસુ- ભરથાણા- અલથાણ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ - ૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગેનું સામેલ અધિસૂચન મંજુર કરવાનું, સદર અધિસૂચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ નં.:૦૬/૨૦૦૯ સર્વાનુમતે મંજુર</u>**

નં.પીઆરઓ / ૬૧૮/ ૨૦૦૮-૦૯
તા. ૨૫-૦૨-૨૦૦૯